# ગાંધીનગરમાં એસીબીનું ઐતિહાસિક સર્ચ ઓપરેશન




## ગુજરાત જમીન વિકાસ નિગમના જોઈન્ટ ડાયરેક્ટર કે. સી. પરમારના ટેબલના ખાનામાંથી ૪૦ લાખ રૂપિયા રોકડા તથા અન્ય ૬ અધિકારીઓ પાસેથી ૩ લાખ સુધીની બિનહિસાબી રોકડ રકમ મળી હતી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સે. ૧૦-બીમાં આવેલ બલરામભવન સ્થિત ગુજરાત જમીન વિકાસ નિગમમાં આજે સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

એસીબીને મળેલ વ્યાપક ફરિયાદોને પગલે આજે ગાંધીનગર-અમદાવાદની એસીબીની ટીમો દ્વારા ઓફિસ ઓપરેશનમાં પકડાઈ હતી. આ પછી ૫ થી ૬ અધિકારીઓના સર્ચ ઓપરેશનમાં રૂ. એક લાખથી ૩ લાખ સુધીની બિન હિસાબી રોકડ રકમ મળી આવી હતી.

ધરવામાં આવ્યો હતો.

મળેલી બિનહિસાબી રોકડ રકમ ગણવા માટે બેંકના અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા તેમજ કાઉન્ટીંગ

સર્ચ ઓપરેશન દરમ્યાન જે અધિકારી-કર્મચારીઓની પાસેથી બિન હિસાબી રોકડ રકમ મળી છે તેમના ગાંધીનગર અને અમદાવાદ સ્થિત નિવાસસ્થાનો

### મોડી રાત સુધી તપાસનો ધમધમાટ : રોકડ ગણવા બેંક અધિકારીઓ અને કાઉન્ટીંગ મશીનની મદદ લેવાઈ : મોડીરાત સુધી અધિકારીઓના નિવાસસ્થાન પર તપાસ ચાલુ

એન્ટી કરપ્શન બ્યુરોના ઐતહાસિક સર્ચ ઓપરેશન દરમ્યાન વર્ગ-૧ના એક અધિકારી ઉપરાંત પાંચ થી છ જેટલા અધિકારીઓ પાસેથી રૂ. ૫૬ લાખથી વધુ રોકડ રકમ મળી આવતાં વહીવટીય નગરમાં સમય પૂર્ણ થાય તેના થોડાક સમય પૂર્વે જ આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે જોઈન્ટ ડાયરેક્ટર કે.સી. પરમારના ખાનામાંથી જ ૪૦ લાખથી વધુની રોકડ રકમ સર્ચ

એસીબીની ટીમો આ રકમ મળતાં ચોંકી ઉઠી હતી અને તપાસ સઘન બનાવવા માટે અમદાવાદથી એસીબીના ઉચ્ચ અધિકારીઓ પણ ગાંધીનગર દોડી આવ્યા હતા અને તપાસનો ધમધમાટ સઘન રીતે હાથ મશીનની પણ મદદ લેવામાં આવી હતી. કોમ્પ્યુટર ડેટાની ખરાઈ અને ચકાસણી માટે ફોરેન્સીક લેબોરેટરીના નિષ્ણાંતોની ટીમ પણ બોલાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

પર પણ એલસીબીની અન્ય ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

એસીબીના આસી. ડાયરેક્ટર ડી.પી. ચુડાસમાના જણાવ્યાનુસાર થોડા સમય

● અનુસંધાન પાન-૭ પર

## ૧૪મા નાણાંપંચની ૧૯૯ પંચાયતોને પરફોમન્સ ગ્રાન્ટ પેટે ૬.૪૩ કરોડની ફાળવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાને ૧૪મા નાણાપંચ અંતર્ગત પરફોમન્સ ગ્રાન્ટ ૧૬-૧૭ના વર્ષ પેટે રૂ. ૬.૪૩ કરોડ જેટલી મળી છે. ૧૯૯ જેટલી ગ્રામ પંચાયતોની આવકમાં થયેલી વૃદ્ધિ અને ગ્રાન્ટ અંતર્ગત તૈયાર કરી અને સરકાર સમક્ષ રજુ કરી હતી. મળતી વિગતો પ્રમાણે આ પરફોમન્સ ગ્રાન્ટ પણ દરેક ગ્રામ પંચાયતના ખાતામાં સીધી જમા કરી દેવામાં આવી છે. જે અંગેની કામગીરી હાથ ધરવામાં આવી છે. કઈ ગ્રામ પંચાયતને

### ૧૫-૧૬ની સરખામણીએ ૫૩ ગ્રામપંચાયતોનો વધારો નોંધાયો : ૧ લાખથી ૧૦ લાખ સુધીની ગ્રાન્ટ મળી

થયેલ વિકાસના કામો અને નાણાંકીય વપરાશને ધ્યાને રાખી આ પરફોમન્સ ગ્રાન્ટ આપવામાં આવે છે.

આ વખતે ૧૪મા નાણાંપંચની પરફોમન્સ ગ્રાન્ટ માટે ગુણાંક પદ્ધતિ પણ અમલમાં મુકવામાં આવી હતી અને ગુણાંકન માટેના માપદંડ પણ સરકારે નિયત કરી આપ્યા હતા. તે પછી જિલ્લાતંત્રએ આખી દરખાસ્ત કેટલી ગ્રાન્ટ મળશે તેનો નિર્ણય પણ સરકાર કક્ષાએથી જ લેવામાં આવ્યો છે. આ ગ્રાન્ટ ગુણાંકન, વસ્તી સહિતના વિવિધ માપદંડોને ધ્યાને રાખી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫-૧૬માં જે પરફોમન્સ ગ્રાન્ટ મળી હતી તેવા ગામોની સંખ્યા ૧૪૬ હતી જ્યારે ૧૬-૧૭માં પરફોમન્સ ગ્રાન્ટ મેળવતી પંચાયતોની સંખ્યા વધીને ૧૯૯ થઈ છે. અર્થાત ૫૩ ગ્રામ પંચાયતોનો વધારો થવા પામ્યો છે. જે જિલ્લામાં પંચાયતોની આર્થિક સ્થિતિ સુધરી રહી હોવાના સંકેત આપે છે તેમ નિષ્ણાંતોનું માનવુ છે.

જિલ્લાની જે ૧૯૯ ગ્રામ પંચાયતોને પરફોમન્સ ગ્રાન્ટ મળી રહી છે તેમાં ગાંધીનગર તાલુકાની ૫૪, દહેગામની ૪૭, કલોલ અને માણસાની ૪૯-૪૯ પંચાયતોનો સમાવેશ થાય છે. જિલ્લામાં કુલ ૩૦૧ ગામો છે.

મળતી વિગતો પ્રમાણે પરફોમન્સ ગ્રાન્ટ રૂ. ૯૦,૩૭૫ થી લઈ રૂ. ૧૦ લાખ સુધીની પંચાયતોને પ્રાપ્ત થઈ છે. આ માટેના ઓર્ડર પણ વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા કરી દેવામાં આવ્યા છે અને જિલ્લાને તેની જાણ કરવામાં આવી છે. હવે જિલ્લા કક્ષાએથી

● અનુસંધાન પાન-૭ પર

## મનપામાં એડવાન્સ ટેક્સની આવક ૧ કરોડ પર પહોંચી

### મિલ્કતવેરાના બિલોનું વિતરણ ૧૫મી એપ્રિલ સુધીમાં કરી દેવાશે તેવુ આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકામાં એડવાન્સ ટેક્સની આવક આજ સુધીમાં રૂ. ૧ કરોડની થઈ ચુકી છે અને આગામી દિવસોમાં તે વધશે. ગાંધીનગરમહાનગરપાલિકામાં એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા વળતર તેમજ ઓનલાઈન પેમેન્ટ કરનારને ૨ ટકા વધારાના વળતર તરીકે ચુકવવામાં આવે છે. વળતરની આ યોજનાને સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાથી તંત્ર પણ ઉત્સાહમાં છે.

મનપા દ્વારા એડવાન્સ ટેક્ષ ભરનારાઓને ૧લી મે સુધી વળતર આપવામાં આવનાર છે. આ વખતે આ એડવાન્સ ટેક્સની આવક ૧૦ કરોડથી પણ વધુ થશે તેવો અંદાજ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મિલ્કતવેરા અંગેના બિલોનું છાપકામ હાલ ચાલુ છે અને તે છપાઈને આવી ગયા બાદ આગામી સપ્તાહથી તેનુ વિતરણ પણ ચાલુ કરી દેવામાં આવશે.

મનપાએ વેરા વસુલાતમાં ક્ષેત્રફળ આધારિત વસુલાત અપનાવવાનો નિર્ણય કર્યો હોવાથી તમે કચેરી પર જુનુ બિલ લઈ જાવ એટલે નવુ બિલ તમને ગણીને તુરત જ બનાવી આપવાની પદ્ધતિ પણ અમલમાં મુકાઈ છે જેથી એડવાન્સ ટેક્સ ભરનારને સરળતા રહે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર આરટીઓને એક વર્ષમાં ૧૭૯ કરોડની આવક

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર આર ટી ઓ કચેરીએ છેલ્લા એક વર્ષમાં રૂ ૧૭૯ કરોડની તોતિંગ આવક કરી છે. જેમાં આર ટી ઓ એ રૂ ૧૬૪ કરોડની આવક ટેક્ષની જ મેળવી છે. આ ઉપરાંત નોંધણી, લાઈસન્સ, ઓવરલોડ કેસ સહીતના કેસોમાં પણ આર ટીઓ એ નોંધપાત્ર આવક મેળવી છે. આર ટી ઓ સરકારને તગડી આવક આપતુ એકમ છે. ગ માર્ગ પરની આર ટી ઓ કચેરીએ છેલ્લા એક વર્ષમાં સરકારને રૂ ૧૭૯ કરોડની આવક રળી આપી હોવાનુ પણ સુત્રોએ જણાવ્યુ છે.

શહેરના ગ માર્ગ પર સ્થિત નગરની હાઈટેક આર ટી ઓ કચેરીએ એક વર્ષમાં રૂ ૧૭૯ કરોડની તોતિંગ આવક સરકારને રળી આપી છે. જયારે આ આવકમાં સૌથી વિશેષ ટેક્ષ તેમજ વાહન નોંધણી , વાહનોના લાયસન્સ સહીત ઓવરલોડ વાહનો સંદર્ભે થયેલી કાર્યવાહી અન્વયે આર ટી ઓ કચેરીની થઈ છે. આર ટી ઓ કચેરીએ અગાઉના વર્ષોમાં પણ નોંધપાત્ર આવક કરી હતી. જયારે સરકારને મોટી આવક રળી આપતા આર ટી ઓ તંત્રમાં પ્રજાલક્ષી સુવિધાઓનો હજુ પણ અભાવ છે. અલબત્ત વારંવાર સર્વર ડાઉન થવા ઉપરાંત આર ટી ઓ કચેરીમાં મેન પાવરના અભાવ વચ્ચે પણ અનેકવાર અરજદારોએ ધકકે ચઢવાનો વારો આવે છે. ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ હોવાનો દાવો કરવામાં આવે છે.

જયારે આર ટી ઓનો વહીવટ પારદર્શક અને ઝડપી હોવાની ગુલબાંગો હાંકવામાં આવે છે. પરંતુ અરજદારોને આર ટી ઓ કચેરીમાં ધક્કે ચઢવાનો વારો આવે છે એટલુ જ નહીં પરંતુ સમસ્યાઓથી ઘેરાયેલા આર ટી ઓ સંકુલમાં પ્રવેશતા જ હાલાકી વેઠવી પડે છે. આર ટી ઓ કચેરીમાં પાર્કીગ વ્યવસ્થાના નામે મીંડુ છે. જેના લીધે નગરના ગ માર્ગની સલામતી જોખમાઈ છે. જયારે આડેધડ વાહનો પાર્ક થતા સ્થાનિક રહીશો માટે પણ શિરદર્દ ઉભો થયો છે. જો કે આ સઘળી અવ્યવસ્થા વચ્ચે આર ટી ઓ કચેરીએ તગડી આવકનો ક્રમ જાળવી રાખ્યો છે. આવકની સામે અરજદારોના કામ પણ ઝડપથી નિવારણ થાય તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામે છે.

## ઘ-માર્ગ પર સર્વિસ રોડ બનાવાની યોજના જમીન કબજાના અભાવે અટવાઈ

ગાંધીનગર તા ૧૨

શહેરના ઘ અને ચ માર્ગની સુધારણા માટે ટુંકમાં કામ શરૂ

### ઘ-૪ થી પથિકાશ્રમ સુધી સર્વિસ રોડ બનાવાની દરખાસ્ત અભેરાઇએ

કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ચ અને ઘ માર્ગના રીસરફેસીંગ માટે રૂ ૧૦ કરોડના ખર્ચનો અંદાજ છે. જયારે શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જો કે હજુ સે-૨૦ થી ૩૦ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ બાકી છે. જયારે આંતરિક માર્ગો સહીત મુખ્ય માર્ગોને અનુલક્ષીને પણ તબક્કાવાર કામો હાથ ધરવામાં આવે છે. આવા સંજોગોમાં શહેરમાં ટ્રાફિકના સિનારીયાને ધ્યાને લઈ તેમજ ઓફિસ અવર્સ દરમિયાન મુખ્ય માર્ગો પરના ટ્રાફિકને સર્વિસ માર્ગ પર ડાયવર્ટ કરવા માટે શહેરના મુખ્ય ઘ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ છેલ્લા એક દાયકાથી ખુબ જ વધી ગયુ છે. નગરમાં વધતા વાહનો સાથે ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ત્યારે શહેરમાં મુખ્ય ઘ માર્ગ પર ઓફિસ અવર્સ દરમિયાન ટ્રાફિકનો વિશેષ ધમધમાટ જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગ પર ઉદ્યોગભવન કોર્ટ સંકુલ કલેકટર કચેરી, તેમજ મહાનગરપાલિકા ભવન પથિકાશ્રમ સહીતના બિલ્ડીંગો અને સરકારી કચેરીઓ ધમધમી રહી છે. ત્યારે મુખ્ય માર્ગો પર અવરજવર વિશેષ હોવાથી પીક અવર્સમાં ટ્રાફિક વધી જાય છે. આમ પણ નગરના ઘ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ વધુ હોવાથી માર્ગ

● અનુસંધાન પાન-૭ પર



કોંગ્રેસ પ્રજા હીતના પ્રશ્નો સાંસદમાં પુછતી નથી. પ્રજાના કરોડો રૂપિયા સંસદ ઠપ્પ થતા બરબાદ થાય છે. ગુજરાતના વિધાનસભા ગૃહમાં પણ કોંગ્રેસ હીંસા પર ઉતરી આવી હતી.કોંગ્રેસ સંસદને ચાલવા દેતી નથી અને વર્ગ વિગ્રહનુ અને સમાજને તોડવાનુ કામ કરે છે તેવા પ્રબળ વિરોધ સાથે આજે ભાજપના આગેવાનોએ આજે ગાંધીનગરમાં ધરણા કર્યા હતા. આ ધરણામાં રાજય સભાના સભ્ય શંભુનાથજી ટુંડીયા પ્રવકતા ભરત પંડયા મેયર પ્રવિણ પટેલ ભાજપ યુવા મોરચાના હોદેદારો , ભાજપના શહેર પ્રમુખ મહેન્દ્ર દાસ સહીત યુવા અગ્રણીઓ અને મહીલા આગેવાનો મોટી સંખ્યામાં આ ધરણાના કાર્યક્રમમાં જોડાયા હતા. આ તબક્કે ભાજપના આગેવાનોએ તેવો વિરોધ કર્યો હતો કે કોંગ્રેસ લોકશાહીના કલંક સમાન હોવાનો આક્રોશ વ્યકત કર્યો હતો. સંસદના ગત સત્રમાં પ્રજા હીતના પ્રશ્નોની ચર્ચા કરવાના લીધે અટકી ગઈ હતી. દેશની સૌથી મોટી પંચાયતમાં મહીના સુધી સતત વિરોધ કરી કોંગ્રેસે લોકશાહીની હત્યા કરી છે. જનજાગૃતિ કેળવાય તે માટે દેશવ્યાપી પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ હાથ ધર્યો છે.

## આયુષ્યમાન ભારત અંતર્ગત ઉનાવા આરોગ્ય કેન્દ્રમાં પોપ્યુલેશન બેઝ સ્ક્રીનીંગ સોફ્ટવેર આવશે

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૧૪મી એપ્રિલથી આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એન.સી.ડી.એસ. દ્વારા પોપ્યુલેશન બેઝડ સ્ક્રીનીંગ સોફ્ટવેર કાર્યરત કરવામાં આવશે.

આ માટેની સંપૂર્ણ તૈયારીઓ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ દેશના ૬૦ પ્રા.આ. કેન્દ્રમાં આ પ્રોજેક્ટ અમલી થવાનો છે. જે પૈકી ગુજરાતના બે જિલ્લા દેવભૂમિ દ્વારકાના એક પ્રા.આ. કેન્દ્ર અને ગાંધીનગર જિલ્લાના ઉનાવા પ્રા.આ. કેન્દ્રની પસંદગી કરવામાં આવી છે.

લોન્ચીંગ પ્રોજેક્ટ માટે ઉનાવા પીએચસી ખાતે એક મોટો સ્ક્રીન પણ ઉભો કરવામાં આવ્યો છે.

### ૧૪મી એપ્રિલે આ સોફ્ટવેરનું દેશના ૬૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લોન્ચીંગ થશે : ગુજરાતના બે પૈકી ઉનાવા એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

આજે દિલ્હીથી આ અંગેના સોફ્ટવેર સાથેની એક ટીમ ગાંધીનગર ખાતે આવી પહોંચી હતી અને તેણે ઉનાવા ખાતે આ સોફ્ટવેરને કાર્યાન્વીત કરવાની દિશામાં કામગીરી પણ આરંભી દીધી છે. ૧૪મી એપ્રિલના આ

મળતી વિગતો પ્રમાણે આ સોફ્ટવેર એફ.એચ.ડબલ્યુ દ્વારા ઓપરેટ કરાશે. જેમાં દર્દી આવે ત્યારથી તેની સાથેની સમગ્ર પરિસ્થિતિ ઓનલાઈન થશે અને પ્રશ્નોત્તરી થકી જ તેની સારવારનો

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

## પરિણિતાને ત્રાસ આપી દહેજની માંગણી કરવાના કેસમાં સાસરિયાઓને ત્રણ વર્ષની સજા

ગાંધીનગર, તા.૧૨

પરિણિતા પાસે દહેજની માંગણી કરી શારીરીક અને માનસિક ત્રાસ આપવાના કેસમાં ગાંધીનગર ચીફ જયુડીશીયલ કોર્ટે સાસરીયાઓને ત્રણ વર્ષની સખ્ત સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીઓને રૂ. ૨૫૦૦ દંડ પણ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગરના રહેવાસી આશાબેનના લગ્ન તા.૧૨ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૨ના રોજ નવા નરોડા અમદાવાદ ખાતે રહેતા મૌલિક પંડયા સાથે થયા હતા. લગ્ન બાદ આ પરિણિતાના સાસરીયા મૌલિક દેવશંકરભાઈ પંડયા,

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## C.A., C.S., CMAના વર્ગોને વિદ્યાર્થી-વાલીઓનો સારો પ્રતિસાદ

### 12th કોમર્સની બેચ ૧૬ એપ્રિલથી શરૂ થઈ રહી છે

ગાંધીનગર,

યુવા વર્ગ માટે કારકિર્દી ઘડતર આજના સ્પર્ધાત્મક સમયમાં ઘણી મહત્વની બાબત બની ચુકી છે. આ સંજોગોમાં કોમર્સના ક્ષેત્રમાં શૈક્ષણિક કારકિર્દી ઘડી રોજગારી સાથે પ્રતિષ્ઠા પણ મેળવવાની ઉત્તમ તક કોઈ વિદ્યાર્થીઓ CA, CS, CMA બનવાનું પસંદ કરે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને **માહી કોમર્સ ઝોન** દ્વારા ધો.૧૨ પછી CA, CS, CMAના પ્રદ્ધતિસરના શિક્ષણ સાથે માર્ગદર્શન આપતા ક્લાસીસ શરૂ થઈ ગયા છે. રસ ધરાવતા વિદ્યાર્થી ભાઈ-બહેનો વધુ માહિતી માટે શ્રી દશરથ ખેસ સરનો મો. ૯૯૦૯૧ ૫૮૯૦૧, માહી કોમર્સ ઝોન, પ્લોટ નં. ૭૩૭/૨, મહુડી મંદિર હોલ પાસે, આંધ્ર બેન્ક સામે, ઘ-૧, ઘ-રોડ નજીક સંપર્ક કરશો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com